## સંક્ષિપ્ત સમાચાર

### બાલાસિનોરમાં ગરીબોને મિઠાઈ ફરસાણનું વિતરણ કરી સાર્થક દીવાળીની ઊજવણી



**બાલાસિનોર:** ગરીબોને વિના મૂલ્યે મિઠાઈ અને ફરસાણની વિતરણ દાતાઓના સહયોગથી કરવામાં આવ્યું હતું. બાલાસિનોરમાં અને આસપાસના વિસ્તારોમાં રેહતા જરૂરિયાતમંદ ગરીબ લોકોને દિવાળીના તહેવારમાં વિનામૂલ્યે મિઠાઈ અને ફરસાણનું વિતરણ કરતાં તેઓના આનંદમાં વધારો થયો હતો. બાલાસિનોર નગરના જુદા જુદા વિસ્તારોમાં રહેતા જરૂરિયાતમંદોને તેમજ આપેશ્વર મહાદેવ આસપાસ નિવાસ કરતા ગરીબ અને જરૂરિયાતમંદ આદિવાસી કુટુંબોને એક અનામી દાતા તેમજ નવનીતલાલ મણીલાલ શાહ( ઝાટ )ની જન્મ શતાબ્દી વર્ષ ઊજવણીમા તેમના પરિવાર દ્વારા વિના મૂલ્યે મિઠાઈ અને ફરસાણનું વિતરણ કરી ગરીબો અને જરૂરિયાતમંદ લોકોની દિવાળી સાર્થક બનાવી તેઓના તહેવારની ઉજવણીને વધુ આનંદમય બનાવી હતી.

### વિરપુરના ડેભારી ગામ ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



**વિરપુર :** વિરપુર તાલુકાના ડેભારી ગામ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ડેભારી ગામના સરદાર ચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ગામના યુવાનો દ્વારા સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી મારી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ચોક ખાતે આવેલ પ્રતિમાને અવની લાઈટો તેમજ મીણબત્તી સજાવવામાં આવી હતી. પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમમાં સરદાર પટેલ ધામના કન્વીનર પ્રતીનીધી નરેશ પટેલ સહિતના ગામના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ખંભાત તાલુકાના નાના કલોદરામાં પટેલ સમાજનું સ્નેહમિલન યોજાયું



**આણંદ :** આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના નાના કલોદરા ની પટેલવાડીમાં સમાજના પ્રથમ સ્નેહમિલન પ્રસંગે નાસ્તાની વ્યવસ્થા રખાઈ હતી, તે જ વખતે નક્કી થયું હતું કે હવેથી દર વર્ષે સવારે સમાજના સ્નેહમિલનની સાથે જમવાની વ્યવસ્થા રાખવામાં આવશે, જેથી સ્ત્રીઓ પણ મુક્ત રીતે બધાને એક જ જગ્યાએ મળી શકે. સમાજની લાગણીને ધ્યાને લઇ ગામના સ્વર્ગસ્થ સોમીબેન અને સ્વ. ઠાકોરભાઈ બાબરભાઈ પ્રભુદાસ ભાઈના પુત્રો દશરથભાઈ, રમણભાઈ તથા બંસીભાઈએ સ્નેહ મિલન પ્રસંગે નાના કલોદરા પટેલ સમાજના તમામ જ્ઞાતિ બંધુઓ માટે સવારે ચા નાસ્તા તેમજ બપોરે ભોજન માટેની વ્યવસ્થા કરી હતી.

### શ્રી ચરોતર સાત ગામ પાટીદાર સમાજનો 23 મો સ્નેહ મિલન સમારોહ ઉજવાયો



**ખંભાત :** આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના કંસારી ગામે ગાયત્રી આઈસ ફેક્ટરીમાં શ્રી ચરોતર સાત ગામ પાટીદાર સમાજનો 23 મો સ્નેહ મિલન તેમજ ઈનામ વિતરણ સમારોહ ચંદન રાઈસ મિલના માલિક અરવિંદભાઈ બાબુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પેટલાદના વતની અને ધુવારણ જીઇબીમાં ડેપ્યુટી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા શ્રી દિપેશભાઈ બી પટેલે સ્થાન શોભાવ્યું હતું. ઇનામ વિતરણના દાતા શીતલબેન અશોકભાઈ ચુનીભાઇ પટેલ તથા તેમના સંતાનો હિનાક્ષીબેન, દેવાંશીબેન તથા મહિમાબેન હતા. દાતાશ્રીના પરિવાર દ્વારા સમાજના ધોરણ 10, 12, ડિપ્લોમા, બેચલર ડિગ્રી તથા માસ્ટર ડિગ્રી મેળવેલ કુલ 123 વિદ્યાર્થીઓને શિલ્ડ તેમજ ચાંદીનો મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## કપડવંજમાં દિવાળીના તહેવાર ટાણે જ પશુપાલકોની હાલત કફોડી બની

# કપડવંજ પંથકમાં ઘાસચારાની અછત સર્જાઇ

**પશુઓ માટેનો ખોરાક** દિન પ્રતિદિન મોંઘો બનતો જઈ રહ્યો છે જેથી પશુપાલકો અને ખેડૂતોને મુશ્કેલીઓ

(પ્રતિનિધિ) કપડવંજ, તા.6

કપડવંજ અને વાત્રકકાંઠા વિસ્તારમાં ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. નવા વર્ષની ઉજવણીની સાથે જ પંથકજનો ગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે આ પંથકમાં સૂકા ઘાસચારાનો પ્રશ્ન પશુપાલકોને મૂંઝવી રહ્યો છે.

આ અંગે આ પંથકના અગ્રણી અપ્રુજી ગામના રાકેશસિંહજી સોલંકીના જણાવ્યા મુજબ શિયાળનો શુભારંભ થયો હોવા છતાં આ પંથકમાં સૂકા અને લીલા ઘાસચારાનો પ્રશ્ન યથાવત રહેવા પામ્યો છે. એવું પશુપાલકોના મુખે ચર્ચાઈ રહ્યું છે. આ પંથકમાં ચોમાસુ પાકમાં મગફળી અને ડાંગર નો પાક લેવાય છે. મોટાભાગના ખેતરોમાંથી મગફળી અને ડાંગર નો પાક લેવાય ચૂકાયો છે. મગફળીનો સુકો ઘાસચારો એટલે કે મગફળીનું ગાંતર એ દુધાળા પશુઓ માટે ઉત્તમ ઘાસચારો ગણાય છે. ઘણા પશુપાલકો આ ઋતુમાં મગફળીના સૂકા ઘાસચારાનો સંગ્રહ કરી લેતા હોય છે. જ્યારે ડાંગરના પુડીયા તેમજ ડાંગરના સૂકાઘાસ ચારાના ગઠ્ઠા પણ આખા વર્ષ માટે સંગ્રહિત કરવાની કામગીરી આ ઋતુમાં



પશુપાલકો અપનાવતા હોય છે. આ અંગે રવદાવત ગામના ફતેસિંહજી ઝાલાના જણાવ્યા મુજબ આ વર્ષે શિયાળાના શુભારંભે જ સૂકા ઘાસચારાની અછતનો પ્રશ્ન પશુપાલકોને મૂંઝવણમાં મૂકી રહ્યો છે. ચોમાસુ પાકની કાપણી પહેલા જ ખેતરોનો સૂકો ઘાસચારો અગાઉથી જ વેચાણ કરી દેવામાં આવે છે. જેથી કરીને છૂટક ઘાસચારો ખરીદનાર પશુપાલકોને આ ઘાસચારો મોંઘો પડી રહ્યો છે. હાલમાં આ પંથકમાં મગફળીનુ ગાંતર 20 કિલોના દોઢસો રૂપિયાથી પણ વધારે ભાવે વેચાઈ રહ્યું છે. જ્યારે ડાંગરના 100 પુડીયાં 400 રૂપિયાના ભાવે વેચાણ થઈ રહ્યું છે. આમ છતાં ઘાસચારાનો અભાવ હોઈ પંથકના પશુપાલકો આ ઘાસચારો ખરીદી રહ્યા છે.

આ સાથે જ પરિવહન નો ખર્ચ તેમજ મજુરી અલગથી ચૂકવવી પડે છે. જેથી કરીને સૂકો ઘાસચારો પશુપાલકો માટે મોંઘો બની રહ્યો છે. સાથે સાથે જ કેટલ ફૂડ એટલે કે કપાસિયા ખોળ, દાણ, મકાઈ પાપડી અને અન્ય દુધાળા પશુઓ માટે નો ખોરાક પણ દિન પ્રતિદિન મોંઘો બનતો જઈ રહ્યો છે. ત્યારે પશુપાલકો અને ખેડૂતોના આ પ્રશ્નને હળવો બને એ માટે સરકાર અને તંત્ર દ્વારા પ્રયત્નો કરવામાં આવે એવી લાગણી અને માંગણી પંથકના પશુપાલકોમો વ્યાપી રહી છે.

# કપડવંજમાં ટેક્ષ માંગણાપત્રમાં સિટી સર્વે દર્શાવવામાં આવે તેવી ઉગ્ર માંગ

**માંગણાપત્રમાં અને** પાવતીમાં સિટી સર્વે નંબરનો ઉલ્લેખ નહીં હોવાને ભારે મુશ્કેલીઓ

(પ્રતિનિધિ) કપડવંજ,તા.6

કપડવંજ નગરપાલિકાની બેદરકારીને કારણે ટેક્ષ ભરતા નગરજનો પરેશાન થઈ રહ્યા છે. તેમ જણાવતા સામાજિક કાર્યકર મુકેશ વૈદ્ય જણાવે છે કે કપડવંજ નગરપાલિકા નગરજનોને ટેક્ષ ભરવા માટે માંગણાપત્ર મોકલે છે જેમાં કોઈપણ જગ્યાએ સીટી સર્વે નંબર લખવામાં આવતો નથી જેથી કરી આ ટેક્ષ બિલ પોતાની જ મિલકતનું છે કે કેમ ? તેવા પ્રશ્નો ઉદભવે છે. ટેક્સ બિલ માં મિલકત માલિકનું નામ હોય છે પણ સિટી સર્વે નંબર ના હોવાને કારણે એક જ નામની વ્યક્તિની ત્રણ થી ચાર મિલકત હોય તેમાંથી કોઈ મિલકત ભાડુઆતના કબજામાં હોય, કોઈ મિલકત પડતર પડી રહી હોય અને કોઈ મિલકત ટેક્ષ ધારક પોતે વપરાશ કરતા હોય આવા સંજોગોમાં સિટી સર્વે નંબર માંગણાપત્રમાં દર્શાવેલ ન હોવાને કારણે ઘણા બધા ટેક્ષ ભરનારને સમજ નથી પડતી કે કઈ મિલકતનો કેટલો ટેક્ષ પોતે ભરી રહ્યા છે.

આ ઉપરાંત હવે સરકારના વિવિધ કામો અને યોજનાઓમાં પણ સરનામાની ઓળખ માટે ટેક્ષ બિલ માંગતા હોય છે તેવા સંજોગોમાં સિટી સર્વે નંબર માંગણાપત્રમાં અને ટેક્ષ ભર્યા પછી પાવતીમાં નહીં હોવાને કારણે ટેક્ષ ભરતી વ્યક્તિઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

નગરપાલિકા પોતાની રીતે મિલકત નંબરો દર્શાવી માંગણાપત્ર પકડાવી દે છે પરંતુ તેનાથી ધારકને કેટલી મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે તેમની સમજમાં આવતું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યારે મેન્યુઅલ પદ્ધતિ હતી ત્યારે માંગણાપત્રમાં સીટી સર્વે નંબર લખાઈને આવતો હતો તો કમ્પ્યુટરાઈઝ કર્યા પછી સીટી સર્વે નંબર કેમ પ્રિન્ટ કરવામાં આવતા નથી ? આ પ્રશ્ન નગરપાલિકાને પૂછતા સુત્રો જણાવે છે કે આ સોફ્ટવેર ઉપરથી તૈયાર થઈને આવેલું છે. પરંતુ પડતી તકલીફોને ધ્યાને લઈ નગરપાલિકા શું ઉપર રજૂઆત ના કરી શકે ? તેમ આમ પ્રજામાં ચર્ચાનો વિષય બન્યો છે. સંવેદનશીલ કહેવાથી સરકારના કાને આ રજૂઆતો માટે નગર સેવા સદનના લેટર પેડ ઉપર સરકારમાં રજૂઆત કરવી જોઈએ તેમ પણ પ્રજાનો ચર્ચાનો સૂર છે. સિટી સર્વે નંબર નહીં દર્શાવવાને કારણે કેટલીક મિલકતો રહી પણ જતી હોય એવી ચિંતા પણ પ્રજામાં થઈ રહી છે.

## સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ થયો

# ખેડામાં છુટા કરાયેલા કામદારને માલિકે માર્યો !

**કર્મચારીને** અર્ધનગ્ન કરી માર મારનારા કનેરાના ઈસમની અટકાયત

(પ્રતિનિધિ) ખેડા, તા.6

ખેડા જિલ્લામાં સોશિયલ મીડિયા પર છુટા કરેલ કર્મચારીને અર્ધનગ્ન કરી માર મારતો વિડીયો વાયરલ થયો હતો. આ વાયરલ વીડિયોની ખેડા ટાઉન પોલીસે તપાસ કરી તાલીબાની સજા આપનાર કનેરાની ઈસમની અટક કરી તપાસ હાથ ધરી છે.

ખેડા જિલ્લામાં થોડા સમય અગાઉ સોશિયલ મીડિયા પર મિનીટ્રક પાસે એક અર્ધનગ્ન હાલતમાં યુવકના હાથ બાંધી પટ્ટાથી ક્રૂરતા પૂર્વક માર મારતો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વિડીયો અમદાવાદના અસલાલીનો હોવાનું ચર્ચાતું હતું. આ વાયરલ થયેલ વીડિયો અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી.

જેમાં ખેડા તાલુકાના કનેરાના બળવંતસિંહ રાજપુત 10મી ઓક્ટોબરના રોજ વાહન ચોરીની અદાવત રાખી ગાડીના ક્લીનર નરેશ શ્યામલાલને નોકરીમાંથી છૂટો કર્યો હતો. આ કર્મચારીને અર્ધનગ્ન કરી પટ્ટાથી માર મારી તાલીબાની સજા આપતો હોવાનું જણાઈ આવ્યું હતું. ખેડા ટાઉન પોલીસે બળવંતસિંહ રાજપુતની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે. અલબત્ત, આ ઘટનામાં ભોગ બનનાર શખ્સ પોલીસને ન મળતાં તેની શોધખોળ હાથ ધરી છે.

# આંકલાવમાં શોભાયાત્રા દરમિયાન એરગનથી ધડાકો કરનારની ધરપકડ

**કેશવપુરા હનુમાનજી** મંદિરમાં ગદા અને ધનુષની સ્થાપના માટે યોજાયેલી રેલીમાં બનાવ બન્યો હતો

(પ્રતિનિધિ) આંકલાવ તા.6

આંકલાવમાં વાયરલ થયેલા વિડીયોમાં શોભાયાત્રામાં એક શખ્સ ગનથી હવામાં ગોળીબાર કરતો હતો. આ અંગે પોલીસે તપાસ કરતાં કેશવપુરા હનુમાનજી મંદિરમાં ગદા અને ધનુષની સ્થાપના સમયે શોભાયાત્રા યોજાઇ હતી. જેમાં એક શખ્સે એરગનથી ભડાકો કર્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આંકલાવ પોલીસ કોન્સ્ટેબલ સુરેશકુમાર મહોબતસિંહને 2જી નવેમ્બરના રોજ સોશ્યલ મિડિયા પર વિડીયો જોવા મળ્યો હતો. જેમાં શોભાયાત્રામાં ડીજે સાથે નાચ ગાન કરતા ઘણા બધા માણસો જોડાયાં હતાં. આ શોભાયાત્રામાં નાળચા વાળી બંદુક સાથે રાખી બંદુકથી જાહેરમાં ટોળા વચ્ચે હવામાં નાળચુ રાખી ધડાકા કરી રહ્યો છે. આથી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીના કડક અમલ માટે તપાસ હાથ ધરી હતી.

આ તપાસમાં આ શોભાયાત્રાના આયોજકને પોલીસ સ્ટેશન બોલાવી પુછપરછ કરતાં અર્જુન રમેશ પઢીયાર (ઉ.વ.35, કેશવપુરા, આંકલાવ) હોવાનું જણાવ્યું હતું. જ્યારે વાયરલ થયેલા વિડીયોમાં કેશવપુરા હનુમાનજી મંદિરે ગદા તેમજ ધનુષની સ્થાપના કરવા માટે શોભાયાત્રા યોજવામાં આવી હતી. જોકે, તેમાં કોઇ મંજુરી લીધી નહતી અને પોલીસ સ્ટેશને પણ જાણ પણ કરી નહતી. આ ઉપરાંત શોભાયાત્રામાં સાથે રાખેલા નાળચાવાળી બંધુક વાંદરા ભગાડવાની એરગન હતી. જે તેમના સંબંધી વસંત મહેન્દ્રભાઈ પઢીયારની હતી.

આ હકિકત આધારે કોન્સ્ટેબલ સુરેશકુમાર મહોબતસિંહની ફરિયાદ આધારે આંકલાવ પોલીસે અર્જુન રમેશભાઈ પઢીયાર સામે પરવાનગી વગર ડીજે સાથે શોભાયાત્રા કાઢવા તથા જાહેરમાં હવામાં ધડાકા કરવા અંગે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## તમામ વેપારીઓએ એકબીજાને પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી

# વેપારીઓએ કાંટા પૂજન કરી સોદાઓની પરંપરા જાળવી

**વેપારીઓ** રોજમેળ, ખરીદ વેચાણ ચોપડા પૂજન, ભગવાન ગણેશજી પૂંજન અને કાંટા પૂજન કર્યું

(પ્રતિનિધિ) આણંદ, તા.6

દિવાળીના પાંચ દિવસ બાદ બુધવારે લાભ પાંચમના શુભ મુહૂર્તએ જિલ્લાભરના વેપારીએ પોતાની ધાર્મિકતા મુજબ કાંટાપુજનની પરંપરા નિભાવી ધંધા રોજગારની શરૂઆત કરી હતી. આ પ્રસંગે સમગ્ર જિલ્લામાં જથ્થાબંધ બજારોમાં લાભપાંચમના દિવસે કાંટા પૂજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ નવા સોદા કરી વેપારનો પ્રારંભ કરાયો હતો. મોટાભાગના વેપારીઓ દ્વારા સર્વ પ્રથમ મગનો વેપાર કરીને શુભારંભ કરવામાં આવ્યો હતો.

કારતક માસના શુક્લ પક્ષમાં બુધવારે પાંચમની તિથિ છે આ તિથીને લાભ પાંચમ તરીકે ઓળખવામાં આવે છે. દિવાળી પછી આવતી આ પાંચમ પર જો કોઈ નવો વેપાર કે મુહૂર્ત કરવામાં આવે તો તેમા લાભ જ લાભ થાય છે તેવું માનવામાં આવે છે. આખો દિવસ વણજોયુ મુહૂર્ત એટલે કે લાભ પાંચમનો આખો દિવસ શુભ ગણાય છે. તેથી જથ્થાબંધ બજારમાં વેપારીઓ આજના દિવસે પોતાના ચોપડાની સાથે સાથે ભગવાન ગણેશની પણ પૂજા કરે છે.દર વર્ષે આ રીતે કાંટા પૂજન કરવામાં આવે છે.

આણંદના નાના મોટા છુટક માર્કેટમાં તેમજ જથ્થાબંધ માર્કેટમાં આસ્થા મુજબ પૂજા આરતી કર્યા બાદ આગેવાનો તેમજ વેપારીઓની હાજરીમાં દરેક દુકાનદારો દ્વારા કાંટા પૂજન કરવામાં આવ્યું હતું. તમામ વેપારીઓએ એકબીજાને પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. દિવાળી બાદ બુધવારે પાંચમના શુભ દિવસે ફરીથી બજાર ધબકતા થઈ ગયા છે.

## વસોમાં ગાડી ટક્કરે રીક્ષા સવારનું મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

વસોના પીજ રોડ ઉપર કૃષિ યુનિવર્સિટી નજીક અજાણ્યા વાહનને રીક્ષાને ટક્કર મારતા રીક્ષામાં બેઠેલા મુસાફરોને ઈજા થઇ હતી.જે પૈકી એક યુવકનું ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

વસો તાલુકાના સિહોલડી દાદુપુરામાં રહેતા ભરતભાઈ હરમાનભાઈ પરમાર ગઈકાલે મંગળવારે રિક્ષામાં બેસી ઘરે જઈ રહ્યા હતા.ત્યારે રીક્ષા વસો પીજ રોડ ઉપરથી પસાર થતી હતી. ત્યારે વસો કૃષિ યુનિવર્સિટી નજીક અજાણ્યા વાહને રીક્ષાને ટક્કર મારતા રીક્ષામાં બેઠેલા મુસાફરોને ઈજા થઈ હતી જે પૈકી ભરતભાઈ હરમાનભાઈ પરમારનું ગંભીર જા થતાં ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે રાજેશભાઈ સોલંકીએ વસો પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# પરંપરા યથાવત: ખેડામાં નવા વર્ષે રાત્રે કોઠી યુદ્ધ

**વર્ષો પહેલા** ભાવસાર અને કા.પટેલ સમાજના જ્ઞાતિના લોકોએ કોઠી યુદ્ધની શરૂઆત કરી હતી

**વર્ષોથી ચાલી** આવતી પરંપરા મુજબ શહેરના યુવાનો બેસતાવર્ષ અને ભાઈબીજની રાત્રીએ એકબીજા સામે કોઠીયુદ્ધ રમે છે





તસવીર: પ્રગ્નેશ ભાવસાર

(પ્રતિનિધિ) ખેડા, તા.6

ખેડા શહેરમાં નૂતન વર્ષના પ્રારંભે ખેડા શહેરના પરા દરવાજા વિસ્તારમાં બેસતા વર્ષ અને ભાઈબીજની રાત્રીએ ખેડાના યુવાનો કોઠીયુદ્ધ રમીને નવા વર્ષની ઉજવણી કરે છે.વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ પહેલા સામસામે હવાઈ મારો ચલાવે છે ત્યારબાદ બને પક્ષ વચ્ચે કોઠી યુદ્ધ ખેલાય છે.જેમાં બંને પક્ષનાં યુવાનો સળગતી કોઠી લઈને સામે પક્ષે જાય છે સામેથી પણ કોઠી સળગાવવામાં આવે છે.અને પછી બંને એકબીજાની સામે કોઠીની રમત રમે છે.કોઠીમાંથી નીકળતી અગ્નિજવાળાથી સામે પક્ષને પાછા જવા મજબુર કરે છે. આ રમત દરમ્યાન ઘણા યુવાનો કોઠી લડાઈમાં દાઝે પણ છે તેમ છતાં પણ તેઓ કોઠી લડાઈ રમવાનું છોડતાં નથી.

આ કોઠીયુદ્ધ જોવા માટે બંને દિવસ ખુબ મોટી સંખ્યામાં લોકો જોવા ઉમટી પડે છે.બે દિવસમાં લાખ્ખો રૂપિયાની કોઠીઓ ફોડવામાં આવે છે.

આ કોઠીયુદ્ધમાં રમાતી કોઠીઓનો કાચો માલ ખેડામાં પ્રજાપતિ ભાઈઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે ત્યારબાદ તેમાં દારૂ ભરવા માટે વસો લઈ જવામાં આવે છે અને ત્યાં અનુભવી કારીગરો દ્વારા કોઠીઓ ભરવામાં આવે છે.વર્ષો પહેલા શરુ કરેલી કોઠીયુદ્ધની રમતમાં હવે અન્ય સમાજના યુવાનો પણ આ રમતમાં જોડાય છે તમામ જ્ઞાતિના યુવાનો આ રમત રમીને નવા વર્ષની ઉજવણી કરે છે.કોઠી યુદ્ધમાં રમત દરમ્યાન દાઝેલા યુવાનો માટે અગાઉ ગોપાલભાઈ અને પૈલેશભાઈ શાહના પરિવાર દ્વારા રાડનો ઠંડો મલમ બનાવવામાં આવતો હતો.જે ખેલાડી દાઝે તેને તુરંત જ મલમ લગાવતા રાહત મળે છે.